ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# જિલ્લાના ૨૮૭ ગામોમાં જમીન ફેરમોજણીની કામગીરી પૂર્ણ

## ૪૭ ગામોમાં તમામ પ્રક્રીયા પૂર્ણ થઈ હોવાની જાહેરાત

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૫ વર્ષ દરમિયાન ૨૮૭ ગામોમાં જમીનોની ફેરમોજણીનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ પૈકી ૨૨૦ કીસ્સામાં કાયદેસરની જાહેરાત કરી દેવાઈ છે. જયારે ૪૭ ગામોમાં જમીન મોજણી સંદર્ભે તમામ પ્રક્રીયા આખરી કરી દેવાઈ છે.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

વિધાનસભાની અતારાંકિત પ્રશ્નોત્તરીમાં વિરમગામના ધારાસભ્ય તેજશ્રીબેન પટેલના પ્રશ્નના સંદર્ભે સરકાર દ્વારા રજૂ કરાયેલા લેખિત જવાબમાં જણાવ્યા મુજબ છેલ્લા ૫ વર્ષ દરમિયાન રાજયના કુલ ૩૩ પૈકી ૭ જિલ્લાઓમાં જમીનોની ફેરમોજણી અંગેની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે જયારે અન્ય ૨૬ જિલ્લામાં આ કામગીરી પ્રગતિ હેઠળ છે. ગાંધીનગર જિલ્લામાં પણ ૨૯૦ ગામો પૈકી આ અન્વયે ૨૮૭ ગામોમાં ફેરમોજણીની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. આ ઉપરાંત આ મામલે ૨૨૦ ગામોમાં કાયદેસરની જાહેરાત પણ કરવામાં આવી છે. જયારે ૪૭ ગામોમાં જમીન ફેરમોજણીની તમામ પ્રક્રીયા પણ આખરી કરી દેવાઈ હોવાનું જણાવાયું છે. ફેરમોજણીની કામગીરી એજન્સીને સોંપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર




ચકીબેન...ચકીબેન...મારી સાથે રમવા આવશો કે નહિ? આ જોડકણાંના ભાવ સાથે ચકલીને ઘરમાં માળો બનાવવા આમંત્રિત કરવા નગરના એક પર્યાવરણ પ્રેમી શ્રમજીવી યુવાન રાજુ મકવાણાએ વિશ્વ ચકલી દિન નિમિત્તે નિઃશુલ્ક ચકલીના માળાનું વિતરણ કર્યું હતું. ગાંધીનગરના અનેક નગરજનોએ પોતાના ઘરે, આંગણામાં કે બગીચામાં લગાડવા આ યુવાન પાસેથી 'માળો' મેળવ્યો હતો. માત્ર ખોખાનો બનેલો માળો લેવા ઘણા નગરજનો પોતાની મોંઘી કારમાં સંતાનો-પરિવાર સાથે આવ્યા હતા અને આ યુવાનની સેવા ભાવના બિરદાવતા વળતરરૂપે પૈસા આપવા કોશિષ કરી હતી પરંતુ સેવા ભેખધારી યુવાને તે લેવાની વિનમ્રપણે ના પાડી દીધી હતી. સલામ છે આ યુવાનની કેફિયતને...!!

# આજે સ્વ. નારાયણભાઈ દેસાઈને શ્રધ્ધાંજલિ અર્પવા પ્રાર્થના સભા

## સેંટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે યોજાનાર પ્રાર્થના સભામાં રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલી ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૨૦

પૂજ્ય મહાત્મા ગાંધીના અંતેવાસી સ્વર્ગસ્થ શ્રી નારાયણભાઈ



મહાદેવભાઈ દેસાઈ ને શ્રધ્ધાંજલિ અર્પવા ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને ગાંધીનગરની સ્વૈચ્છિક, સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ તથા ગાંધીવાદી વિચારધારા ધરાવતા આગેવાન નાગરિકો દ્વારા આવતીકાલ, તારીખ ૨૧ માર્ચ, ૨૦૧૫ ને શનિવારના રોજ સાંજે ૬ થી ૭ દરમિયાન સેન્ટ ઝેવિયર્સ સ્કુલ કેમ્પસ, સેકટર-૮, ગાંધીનગરમાં પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના નામદાર રાજ્યપાલ આદરણીયશ્રી ઓ. પી. કોહલી આ પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર સાથેના સ્વર્ગસ્થ શ્રી નારાયણભાઈ દેસાઈના અનોખા બંધન અને ગાંધીનગર પ્રત્યેના તેમના સ્નેહને લઈને ગાંધીનગરના નાગરિકોએ તેમને શ્રધ્ધાંજલિ અર્પવા પ્રાર્થના સભાનું આયોજન કર્યું છે. ગાંધીનગરના નાગરિકોને આ પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહીને સ્વર્ગસ્થ નારાયણભાઈ દેસાઈને અંજલી આપવા જાહેર અનુરોધ છે.

# ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જીવ વિજ્ઞાનનું પેપર પ્રમાણમાં લાંબુ અને અઘરૂ

## સેક્શન-બી.માં ધારણા કરતા વિપરિત પ્રશ્નો પુછાયા : ૪૦ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા

ગાંધીનગર, તા. ૨૦

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે જીવવિજ્ઞાનનું પેપર વિદ્યાર્થીઓ માટે પ્રમાણમાં અઘરૂ પુરવાર થયું હતું. પેપરના સેક્શન-બીના થિયરી વિભાગમાં ધારણા કરતા વિપરિત પ્રશ્નો પુછાતા બાયોલોજીનું પેપર વિદ્યાર્થીઓને લેન્ધી લાગ્યું હતું. જેના લીધે પરીક્ષાર્થીઓ મુંઝાયા હતા.

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગણિત બાદ આજે બાયોલોજીની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે થોડી અઘરી રહી હતી. આ અંગે ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજના ડૉ. પ્રદીપ ગગલાણીએ જણાવ્યું હતું કે પેપરમાં સેક્શન-એ માં એમ.સી.ક્યુ ટેક્ષલેઈઝ હતા પરંતુ બી. વિભાગમાં થિયરીના સુચનો ધાર્યા મુજબના ન પુછાતા વિદ્યાર્થીઓ માટે સેક્શન-બી અઘરૂ પુરવાર થયું હતું. ધારણા કરતા વિપરિત પ્રશ્નો પુછાતા જવાબ આપવામાં પણ પરીક્ષાર્થીઓનો વધુ સમય પસાર થઈ ગયો હતો. ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં જિલ્લામાંથી કુલ ૨૪૨૧ વિદ્યાર્થીઓ પૈકી ૨૩૮૧ એ પરીક્ષા આપી હતી. જ્યારે ૪૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરહાજર રહ્યા હતા.

# ધોરણ-૧૦ અંગ્રેજીમાં આદર્શ શિક્ષક અને આનંદમેળાનો નિબંધ પુછાયો

## પેપર એકંદરે સરળ નીકળતા વિદ્યાર્થીઓ પણ ખુશ

ગાંધીનગર, તા. ૨૦


ધો. ૧૦માં અંગ્રેજીનું પ્રશ્નપત્ર એકંદરે સરળ નીકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. અંગ્રેજીના પ્રશ્નપત્રમાં અંતરિયાળ ગામની મુલાકાત અંગે અહેવાલ અને આદર્શ શિક્ષક વિષય અંગે નિબંધ પુછાયો હતો. જિલ્લામાંથી ૩૯૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરહાજર રહ્યા હતા.

ધો. ૧૦ની બોર્ડ પરીક્ષામાં આજે અંગ્રેજીનું પેપર સરળ અને સંતુલિત હોવાથી પરીક્ષાર્થીઓ પરીક્ષાના અંતે હળવા મૂડમાં જોવા મળ્યા હતા. વિષય નિષ્ણાંત મૌલિક શુક્લએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે અંગ્રેજીનું પેપર સંપુર્ણ ટેક્ષ બેઈજ હતુ. એમ.સી.ક્યુ. પણ સરળ હતા.

સેકશન-સીમાં અંતરિયાળ ગામની મુલાકાત અંગે અહેવાલ પુછાયો હતો. જ્યારે આદર્શ શિક્ષક વિષય અંગે નિબંધ પુછાયો હતો. આ ઉપરાંત આનંદમેળાનો નિબંધ

● અનુસંધાન પાન-૭ પર


ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ



શિવાલય

ફાર્મ & પાર્ટી પ્લોટ

- ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
- અદ્યતન કીચન તથા વોશ એરીયા
- બાળકો માટે પ્લે એરીયા
- વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
- ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
- અલગ Groom અને Bridle રૂમ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે

બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...


વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩

વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર



જન્મ દિવસની શુભેચ્છા



પ્રથમ જન્મદિનની ખૂબ ખૂબ શુભકામનાઓ....

ઝોયા સમીરખાન બલોચ

જન્મ તા. ૨૧-૩-૨૦૧૪

એ. કે. બલોચ (દાદા)

સમીરખાન એ. બલોચ

રેનુજા એસ. બલોચ

મોહિનખાન એ. બલોચ

સાહિન એમ. બલોચ



સત્યમેવ જયતે

ગુજરાત સરકાર

ગુજરાતના યુવાધનની પ્રતિભાને પ્રોત્સાહિત કરવા

માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્હસ્તે

યુવા પ્રતિભા પુરસ્કાર સમારોહ

તારીખ : ૨૧-૩-૨૦૧૫, શનિવાર

સમય : સવારે ૧૧-૩૦ કલાકે

સ્થળ : મહાત્મા મંદિર, ગાંધીનગર


- મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ પુરસ્કાર
- સ્વચ્છતા અભિયાન ચિત્ર સ્પર્ધા પુરસ્કાર
- ઉચ્ચ અભ્યાસ સહાય પુરસ્કાર

- નેશનલ ગેમ્સ ૨૦૧૫માં ૧૦ ગોલ્ડ મેડલ સાથે ગુજરાતનો અત્યાર સુધી સર્વશ્રેષ્ઠ દેખાવ
- શક્તિદૂત યોજના અંતર્ગત ૪૭ ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય ટ્રેનીંગ/સ્પર્ધા વિગેરે માટે રૂા. ૨.૩૨ કરોડ ની સહાય.
- સ્વામિ વિવેકાનંદ એક્સિલન્સ યોજના અંતર્ગત પ્રતિ ખેલાડી વાર્ષિક રૂા.૬૫,૦૦૦ લેખે કુલ ૧૪૦૦ ખેલાડીઓને ટ્રેનીંગ માટે સહાય



શ્રી રમણલાલ વોરા

માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, (અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોનું કલ્યાણ સહિત)



શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

માન.મંત્રી શ્રી, શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો, વૈધાનિક અને સંસદીય બાબતો



શ્રીમતી વસુબેન ત્રિવેદી

માન. મંત્રીશ્રી (રા.ક.), મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો), ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ



શ્રી નાનુભાઈ વાનાણી

માન. મંત્રીશ્રી (રા.ક.), રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (સ્વતંત્ર હવાલો), જળસંપત્તિ (કલ્પસર સિવાય), શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ)



શ્રી દીલીપકુમાર ઠાકોર

માન. મંત્રીશ્રી (રા.ક.), સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ, શ્રમ અને રોજગાર

ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના

માનનીય મુખ્યમંત્રી આનંદીબેન પટેલના વિચારનું કેન્દ્ર

| મેડલ | ઓલમ્પિક ગેમ્સ | એશિયન ગેમ્સ | કોમન વેલ્થ ગેમ્સ | નેશનલ ગેમ્સ/ નેશનલ ચેમ્પીયનશીપ |
|---|---|---|---|---|
| ગોલ્ડ | ૫ કરોડ | ૨ કરોડ | ૧ કરોડ | ૩ લાખ |
| સિલ્વર | ૩ કરોડ | ૧ કરોડ | ૫૦ લાખ | ૨ લાખ |
| બ્રોન્ઝ | ૨ કરોડ | ૫૦ લાખ | ૨૫ લાખ | ૧ લાખ |

૯૮ ખેલાડીઓને રૂા.૧.૪૮ કરોડના રોકડ પુરસ્કાર



ગુજરાત સરકાર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com